ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૨૮.૯ ડીગ્રી
લઘુતમ : ૨૫.૨ ડીગ્રી
ભેજ
સવારે ૧૦૦ ટકા ● સાંજે ૯૫ ટકા

ગાંધીનગર તાપમાન

# ચોમાસામાં સોળેકળાએ ખિલી ઉઠ્યું ગાંધીનગર

## ઠેર ઠેર ઉગી નીકળેલી હરીયાળીના કારણે શહેરનું સૌંદર્ય નીખરી ઉઠ્યુ : વરસાદી સિઝનમાં ગુંજી ઉઠતા મોરના ટહુકાથી સમગ્ર પ્રકૃતિ ચેતનવંતી બની ગઈ છે

ગાંધીનગર, તા. ૧૦

અષાઢ મહિનાનો પ્રારંભિક વરસાદ ખુબ સારો રહ્યો છે. છેલ્લા ઘણા દિવસોથી શહેરમાં વરસાદ વરસી રહ્યો છે. સતત વરસાદના કારણે શહેરમાં ઠેર ઠેર હરીયાળી ખીલી ઉઠી છે અને શહેરનું સૌંદર્ય જાણે સોળેકળાએ ખીલી ઉઠ્યુ છે.

પાટનગરની એક ઓળખ ગ્રીનસીટી તરીકેની છે. આ વર્ષે ચોમાસુ ખુબ સારૂ રહ્યુ છે અને સતત વરસાદ વરસી રહ્યો છે. સતત વરસાદના કારણે ગાંધીનગર આજકાલ ખરા અર્થમાં ગ્રીનસીટી લાગી રહ્યુ છે.

સુઆયોજિત નગર તરીકે ગાંધીનગર શહેરમાં તેની સ્થાપનાકાળ સમયે લાખોની સંખ્યામાં વૃક્ષોનો ઉછેર કરવામાં આવ્યો હતો. દેશ વિદેશમાંથી વિવિધ પ્રકારના વૃક્ષોને લાવીને તેનુ પ્લાન્ટેશન કરાયુ હતુ. આ વૃક્ષોએ શહેરનું સૌંદર્ય જાળવ્યુ છે. ચોમાસાની સીઝન દરમ્યાન તેનુ સૌંદર્ય અનેકગણુ વધી જાય છે.

વિકાસના વિવિધ કાર્યોના પરિણામે અનેક વૃક્ષોનું નિકંદન કાઢી નંકાયુ હતુ. તેમ છતાં શહેરમાં હજુ ઘણા સ્થળોએ વૃક્ષોની જાહોજલાલી યથાવત રહી છે.

વરસાદી માહોલ યથાવત રહેતા વૃક્ષો તો એકદમ લીલાછમ બન્યા છે એ સાથે જ ઠેર ઠેર ઘાસ ઉગી નીકળતા શહેર જાણે હીલસ્ટેશનમાં ફેરવાયુ હોય એવુ લાગી રહ્યું છે. જ્યાં જુઓ ત્યાં જાણે કુદરતે હરીયાળી ચાદર પાથરી દીધી હોય એવુ લાગી રહ્યુ છે. ખાસ કરીને જ-રોડ અને છ-રોડની આસપાસનો વિસ્તાર ખીલી ઉઠ્યો છે. વરસાદી સિઝનમાં ગુંજી ઉઠતા મોરના ટહુકાથી સમગ્ર પ્રકૃતિ ચેતનવંતી બની ગઈ છે.

# સે-૧ તળાવની મનપા દ્વારા સાફ-સફાઈ

## બાગાયત શાખા, સેનિટેશન શાખા અને ફાયર શાખા દ્વારા આ તળાવની સફાઇની કામગિરી હાથ ધરવામાં આવી : અંદાજિત ૮ જેટલા કામદારોએ જહેમત ઉઠાવી

ગાંધીનગર મહાનગર પાલિકાની ટીમ દ્વારા શહેરના વિવિધ સ્થળો પર સફાઈની કામગિરી કરવામાં આવી રહી છે. જે અંતર્ગત ગાંધીનગરના સેક્ટર - ૧ ખાતે આવેલ તળાવમાં તણાઇ આવેલ પ્લાસ્ટિકના કચરાનો નિકાલ કરવામાં આવ્યો હતો. ગાંધીનગર મહાનગર પાલિકાની બાગાયત શાખા, સેનિટેશન શાખા અને ફાયર શાખા દ્વારા આ તળાવની સફાઈની કામગિરી હાથ ધરવામાં આવી હતી. ત્રણેય ટીમ દ્વારા આજે સવારે ૯:૦૦ વાગ્યા થી લઈ બપોરે ૨:૦૦ વાગ્યા સુધી સફાઈની કામગીરી કરવામાં આવી હતી. આ કામગિરી માટે અંદાજિત ૮ જેટલા કામદારોએ જહેમત ઉઠાવી હતી. ચોમાસા દરમિયાન તળાવની અંદર પાણી ભરાતા તેની સુંદરતામાં પણ વધારો થયો છે.

## જન્મદિને વધામણી



હર્શલ રાકેશ ભ્રહ્મભટ્ટ
મો. ૯૬૬૨૮ ૪૦૪૦૩

રવિ એમ પટેલ

હીરાબેન અંબવાણી

શ્લેક મેઘરાજાણી

ઉષા ચૌહાણ



વૈભવસિંહ મેહુલસિંહ બિહોલા
મો. ૭૭૭૯૦૨૭૨૭૧

હંસરાજસિંહ માનસિંગજી ઠાકોર
મો. ૯૧૦૬૪૯૨૭૬૬

હરેશ કચરાજી ઠાકોર

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# એમ.પી.આર્ટ લવર્સ દ્વારા મેગા શો યોજાયો

ગાંધીનગર, તા.૧૦

એમ.પી.આર્ટ લવર્સ, ગાંધીનગર દ્વારા પ્રસ્તુત અને જ્યોતિ મહિલા મંડળ, ગાંધીનગર દ્વારા આયોજિત એક મેગા શોની પ્રસ્તુતિ ખીમજી વિશ્રામ હૉલ,કડી કેમ્પસ ખાતે તારીખ ૦૯/૦૭/૨૦૨૩ ના રોજ કરવામાં આવી હતી. આ મેગા શોમાં બે સુંદર મજાનાં નાટકો જે પૈકી એક કોમેડી'મસ્તીનો મોહનથાળ' તથા એક સામાજિક સંદેશ આપતું નાટક 'રક્ષાબંધન', જૂના-નવા હિન્દી-ગુજરાતી ફિલ્મી ગીતો તથા સુંદર ડાન્સની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. ઉપરોક્ત નાટકોમાં દિલીપસિંહ ઝાલા, પાયલબેન રત્નાકર, હીત મહેતા, યશ્વી પટેલ, વિશ્વ દસાડીયા, સલોની સોની, વિશાલકુમાર ઓડ તથા પરમ શુક્લએ અભિનયના અજવાળાં પાથર્યા હતાં. પાયલબેન રત્નાકર, હિનાકુંવર સોલંકી, સલોની સોની, ખુશી ચૌધરી, જહાન્વી બ્રહ્મભટ્ટ તથા ક્ષમા સુથારે સુંદર ડાન્સની પ્રસ્તુતી કરી હતી. ધર્મેશ પંડ્યા, હિમાદ્રી ત્રિવેદી તથા ડો. મમતા બુચે ફિલ્મી ગીતોની જબરદસ્ત રમઝટ જમાવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડો. મમતા બુચ દ્વારા કરવામાં આવ્યું હતું.

હોલમાં ઉપસ્થિત ખચાખચ પ્રેક્ષકગણે કલાકારોને ભરપૂર દાદ આપી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે બંને નાટકોનું લેખન તથા દિગ્દર્શન 'ગાંધીનગર સમાચાર' ના કોલમિસ્ટ તથા એમ.પી.આર્ટ લવર્સના ડાયરેક્ટર ડો. મમતા બુચ દ્વારા કરવામાં આવ્યું હતું.

## કડી સર્વ વિશ્વ વિદ્યાલય બીબીએ કોલેજ ખાતે

# વ્યવસાયિક પસંદગી માટે સોફ્ટ સ્કિલનું મહત્વનો વર્કશોપ યોજાયો

ગાંધીનગર, તા.૧૦

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત ગાંધીનગરની કડી સર્વવિશ્વવિદ્યાલય સંલગ્ન બી.પી.કોલેજ ઓફ બિઝનેસ એડમિનીસ્ટ્રેશન ખાતે તૃતીય વર્ષના વિદ્યાર્થીઓ માટે ઉપરોક્ત "સ્કિલ ડેવલોપમેન્ટ ર એનહાસમેંટ માટે ઉપરોક્ત આયોજન કરવામાં આવ્યું હતું.કોલેજના આચાર્ય ડો.રમાકાંત પૃષ્ટિ વર્કશોપના ઉદ્ઘાટન સત્ર માં ઉપસ્થિત રહ્યા હતા. તેઓ એ વિદ્યાર્થીઓને વર્કશોપ જેવી તાલીમ પ્રવૃત્તિઓ માં ઉત્સાહપૂર્વક જોડાવા માટેઅનુરોધ કર્યો હતો.ડો.રમાકાંત પૃષ્ટિ એ વધુમાં જણાવ્યુ હતું કે વિદ્યાર્થીઓને કોલેજ દ્વારા આયોજિત થતાં તમામ વર્કશોપનો મહત્તમ લાભ લેવા જોઈએ.ઉપાચાર્ય તેમજ પ્લેસમેન્ટ તેમજ ટ્રેનીંગ કમિટીના હેડ ડો.જયેશ તન્ના દ્વારા વિદ્યાર્થીઓને આજના વિષયની માહિતી આપી હતી. તેમજ તેની અગત્યતા સમજાવી હતી. તેમજ સમગ્ર વ્યવસ્થા ગોઠવી હતી.ત્યારબાદ મુખ્ય તાલીમ આપનાર તજજ્ઞ ઝઝી તરફથી રીના પટેલ ને કોલેજ વતી આવકાર્યા હતા.તાલીમ દરમ્યાન વિદ્યાર્થીઓને સોફ્ટસ્કિલ ના બેઝિક નિયમો તેમજ તેની સરળ સમજ તેમજ તેની સરળ સમજ તેમજ રોજિંદા વ્યહવારમાં ઉત્તમ રીતે કમ્યુનિકેશન કરવાની કળા અને પ્રોફેશનલ ક્ષેત્રે લોકોને પ્રભાવિત કરી શકાય આકર્ષિત કરી શકાય તેમજ કનવીન્સ કરી શકાય તે બાબતે તલસ્પર્શી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓની મૂળભૂત રોજગાર કૌશલ્યોને યોગ્ય બનાવવા માટે સંચાર કાર્ય,ટીમ વર્ક, નેતૃત્વ, સમય વ્યવસ્થાપન, તાણ-વ્યવસ્થાપન, ટાસ્ક ને અપનાવવાની ક્ષમતા, કાર્યલક્ષી નીતિશાસ્ત્ર બાબતે ઘણું બધું આવરી માર્ગદર્શન આપ્યું હતું.આ સિવાય તેણીએ ટીસીએસ તાલીમ વિશે મૂળભૂત બાબતો અને ટીસીએસ તાલીમ દરમિયાન ધ્યાન રાખવાના મુદ્દાઓ બાબતે વિદ્યાર્થીઓને માર્ગદર્શિત કર્યા હતા.

ત્યારબાદ તેઓએ વિદ્યાર્થીઓને સફળ કારકિર્દી ઘડવા માટે માર્ગદર્શિત કર્યા હતા.સફળ કારકિર્દીના ઘડતર માટે વિદ્યાર્થીઓને લર્નિંગ પ્રોબ્લેમ સોલ્વીંગ-વિથ ક્રીટીકલ થિંકિંગ પર પોતાની સ્કીલ ડેવલોપ કરવા માટે ઉત્તમ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. તેમણે વિવિધ ઉદાહરણો તેમજ તેમના સ્વાનુભવથી સરળ તેમજ સફળ ટીપ્સ આપી હતી. વિદ્યાર્થીઓને ઉપરોક્ત વિષયો માં પ્રોબ્લેમ ના સોલ્યુશન માટે પહેલા તેના લક્ષણો ને સમજો ત્યારબાદ તેનું નિદાન કરવું અને નિદાન થયા બાદ તેનો ઉપચાર કરવો અને ઉપચાર એટલેકે સોલ્યુશન બાદ ફરી વાર આવી સમસ્યા ન થાય તે માટે શું ધ્યાનમાં રાખવું તે બાબતે યોગ્ય સાવધાનીઓ રાખવી વગેરે બાબતે સુંદર માર્ગદર્શન આપ્યું હતું. વધુમાં તેઓ એ વ્યક્તિની કમ્યુનિકેશન સ્કિલની ક્ષમતાઓ અને તેના આધારે સમસ્યાનું યોગ્ય વિશ્લેષણ કરવા પર ભાર મૂક્યો હતો.

## પબ્લિક હેલ્થ બાયલોઝ ગેઝેટમાં પ્રસિદ્ધ

# ગાંધીનગરમાં ગંદકી ફેલાવનારા શખ્સો સામે કડક કાર્યવાહી કરાશે

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર શહેરમાં હેલ્થ, સેનીટેશન, પાણી, ગટર જેવી પ્રાથમિક સુવિધાની વ્યવસ્થા સુદૃઢ બનાવવા તથા અસરકારક વ્યવસ્થાતંત્ર ઉભું કરવા હેલ્થ અને સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગનાં હાલનાં કાયદાઓનો અભ્યાસ કરી, ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા તૈયાર કરવામાં આવેલ પબ્લિક હેલ્થ બાયલોઝ-૨૦૧૭ ડે.સેક્રેટરી, ગાંધીનગર અર્બન ડેવલોપમેન્ટ અને અર્બન હાઉસીંગ ડીપાર્ટમેન્ટ, ગુજરાત સરકાર દ્વારા મંજુરી આપવામાં આવેલ છે. જે ગુજરાત ગર્વમેન્ટ ગેઝેટ– Part-II(Ext.), Date.30.06.2023 થી પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. જેને ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા અમલમાં મુકવામાં આવેલ છે.

જે અનુસાર હવે રોગવાહક સંવર્ધન (ઉછેર),કોઈપણ જાહેર કે ખાનગી સ્થળમાં કચરો નાખવા, ઠાલવવા, વાહનમાંથી જાહેર અથવા ખાનગી માર્ગો પર થૂંકવું કે કચરો ફેંકવો કે જમા કરવો, પ્રતિબંધિત પ્લાસ્ટિકના ઉત્પાદન અને વપરાશ, જાહેરમાં થુંકીને પ્રાણીઓ કે પંખીઓને ખવડાવીને, પેશાબ કરીને ઉપદ્રવ પેદા કરવું, કચરાનો ખુલ્લામાં દહન કરવું, ઝીરો વેસ્ટ વિસ્તારમાં કચરો ઠાલવવો, બાંધકામના સ્થળોમાં રોગવાહકનો ઉછેર કે સંવર્ધન, બાંધકામ અને તોડી પાડવાના કચરાને બિન નિર્ધારીત સ્થળોએ જમા કરવો... વગેરે ગુના માટે સમાધાન ફી ઉપરાંત ગુનેગારને મહાનગરપાલિકાએ નિયત કરેલ રીતે અને સમયમાં તેણે કરેલ ઉપદ્રવ ને દૂર કરવા જોગવાઈ કરવામાં આવી છે.

શ્રી સોમનાથ બ્રહ્મકર્મ ચેરીટેબલ ટ્રસ્ટ-ગાંધીનગર દ્વારા ગાંધીનગર જિલ્લાના જરૂરિયાતમંદ પરિવાર તથા ટ્રસ્ટના સભ્યોને ચોપડા વિતરણ તથા વાર્ષિક સામાન્ય સભા ,નિશુલ્ક મેડિકલ ચેકઅપ કેમ્પ તથા દાતાશ્રીઓના સન્માનનો કાર્યક્રમ શ્રી જાગેશ્વર મહાદેવ ગામ-રાંધેજા મુકામે તારીખ ૧૦/૭/૨૩ ના રોજ યોજવામાં આવ્યો હતો જેમાં મોટી સંખ્યામાં ગાંધીનગર જિલ્લાના કર્મકાંડી ભૂદેવો, કથાકાર ભૂદેવો,સંતો મહંતો, ભાજપ ના અગ્રણી નેતાઓ પધાર્યા હતા.

# ગાંધીનગર જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ તેમજ તાલુકા કાનૂની સેવા સમિતિમાં લીગલ વોલેન્ટિયર્સની નિમણૂક કરાશે

રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તા મંડળની પારા લીગલ વોલેન્ટિયર્સ સ્કીમ- ૨૦૧૦ અંતર્ગત ગાંધીનગર જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ તેમજ ગાંધીનગર, કલોલ, માણસા અને દહેગામ તાલુકાની તાલુકા કાનૂની સેવા સમિતિની કચેરી ખાતે પારા લીગલ વોલેન્ટિયર્સની નિમણૂક કરવામાં આવશે. આ માટે શિક્ષકો, નિવૃત્ત શિક્ષકો, નિવૃત્ત સરકારી કર્મચારી, એમ. એસ. ડબલ્યુ. ના વિદ્યાર્થી કે શિક્ષક, આંગણવાડીના કાર્યકર, ડોક્ટર, બિન રાજકીય સભ્યો, સ્વૈચ્છિક સંસ્થાના સભ્યો તથા વુમન નેબરહુડ ગ્રુપના સભ્યો પૈકી સ્વૈચ્છિક રીતે આ કામગીરીમાં જોડાવા માગતા લોકોએ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, રૂમ નંબર ૧૦૧, પ્રથમ માળ, ન્યાય મંદિર, સેક્ટર-૧૧, ગાંધીનગર ખાતેથી નિયત નમૂનાનું ફોર્મ મેળવી તેમાં વિગતવાર માહિતી ભરીને આગામી તારીખ ૧૭ જુલાઈ, ૨૦૨૩ સુધીમાં પરત કરવા તેમજ વધુ માહિતી માટે મંડળનો સંપર્ક સાધવા મંડળના સચિવ શ્રીની યાદીમાં જણાવાયુ છે.

# ફેકલ્ટી ઓફ એજ્યુ.માં એક્સપર્ટ સેશન યોજાયું

ગાંધીનગર, તા.૧૦

ફેકલ્ટી ઓફ એજ્યુકેશનની એસ.એસ.પટેલ કોલેજ ઓફએજ્યુકેશન અને આર.એચ.પટેલ ઈંગ્લીશ મીડિયમ બી.એડ. કોલેજ,સેક્ટર.૨૩,ગાંધીનગરના તાલીમાર્થીઓ માટે પાવર ઓફ પ્રેયર વિશે એક્સપર્ટ સેશનનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં એક્સપર્ટ તરીકે ઉપસ્થિત રહેલા ડૉ.ભાવિક સ્વાદિયાએ વિદ્યાર્થીઓને પ્રાર્થનાના મહત્વ વિશે જાણકારી આપી પ્રાર્થના જીવનને કઈ રીતે બદલી શકે છે તેની માહિતી આપી હતી.આ કાર્યક્રમનું આયોજન ડૉ.વિભાબેન દ્વિવેદીએ કર્યું હતું.

# માનવાધિકાર એવમ મહિલા બાળ વિકાસ સંગઠન દ્વારા ફૂડ પેકેટ વિતરણ

ગાંધીનગર, તા.૧૦

માનવાધિકાર એવમ મહિલા બાળ વિકાસ સંગઠન, ગાંધીનગરના સેવાભાવી કાર્યકર મનોજભાઈ જોષી તરફથી સેક્ટર-૨૫ માં ઝુંપડપટ્ટીમાં ગરીબ બાળકોને ફૂડ પેકેટ અને પાણીની બોટલનું વિતરણ કર્યું હતું. આ સેવાકાર્યમાં પ્રમુખ વીણાબા ઝાલા, જોસનાબેન શર્મા સહિત મોટી સંખ્યામાં હોદ્દેદારો અને કાર્યકરોએ વરસાદ ચાલું હોવા છતાં, હાજર રહી સેવા કાર્યને દીપાવ્યું હતું.

# એસ.જી. અંગ્રેજી માધ્યમ શાળામાં પેરેન્ટસ ટોક પ્રવૃતિનું આયોજન

ગાંધીનગર, તા.૧૦

સર્વ વિધ્યાલય કેળવણી મંડળ દ્વારા સંચલિત એસ.જી.અંગ્રેજી માધ્યમ પ્રાથમીક શાળામા 'પેરેન્ટ્સ ટોક' પ્રવૃતિનુ આયોજન કરવામા આવ્યુ હતુ.જેમા ૧થી૮ માં અભ્યાસ કરતાં વિધ્યાર્થીઓના વાલીશ્રીઓએ વિવિધ વિષયો ઉપર પોતાના વક્તવ્ય ધ્વારા વિધ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા. જેમાં વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક જોડાયા હતાં .

માનવસેવા મંડળ તરફથી સેવાકીય પ્રવૃત્તિના ભાગરૂપે કૈલાસ ધામ-પેથાપુર, રાહેલબા - મગોડી અને માવતર-ડભોડા,એમ ત્રણ વૃદ્ધાશ્રમ ખાતે સિનિયર સિટીઝન તેમજ અંધજન શાળા સેક્ટર-૧૬, સમર્પણ મુકબધીર શાળાના વિદ્યાર્થીઓને વેફર અને કેળાના નાસ્તાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ.પટેલ દોલીબેન હીરાભાઈ ઉ.વ.૮૫, ગાંધીનગર
- સ્વ.દરજી બાબુભાઈ શાન્તીલાલ ઉ.વ.૯૧, ગાંધીનગર
- સ્વ.રાવલ દેવિકાબેન નટવરલાલ ઉ.વ.૭૩, સાદરા
- સ્વ.ઠાકોર ઝીલુજી ગાભાજી ઉ.વ.૬૮, મામાપરા, વડવાસા
- સ્વ.બિહોલા અજયસિંહ નવલસિંહ ઉ.વ.૩૩, પાલજ